# સત્સંગ સમાચાર

## ખારઘર, નવી મુંબઈમાં પારાયણ

૧૪ ઑક્ટોબરના રોજ અનુપમ મિશનના ખારઘર સ્થિત મંદિરે શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસના પારાયણનું આયોજન થયું. સંતભગવંત સાહેબજીની આજ્ઞાથી આ પારાયણ કરવા રાજકોટથી ડૉ. મુકુંદભાઈ સરવૈયા પધાર્યા. બ્રહ્મરૂપ થઈ પરબ્રહ્મની ભક્તિ કરવા રૂપ ઉપાસનાના હાર્દને તેમજ પ્રભુની સર્વોપરિતા અને કર્તાપણાના ભાવને સ્વીકાર્ય કરવાના ભાવને અનેક દૃષ્ટાંતો આપી તેઓએ ઉમદા રીતે સમજાવ્યા. મુકુંદભાઈની આ સુંદર સેવા બદલ સમગ્ર મંડળ વતી જગતભાઈએ હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો. આ પ્રસંગે ઉપસ્થિત સંત પૂ. રાજુભાઈએ આશીર્વાદ આપી સૌને પ્રભુના પ્રગટ સંતસ્વરૂપ સાહેબજીના માહાત્મ્યની સુંદર વાતો કરી. ◆

(દીપકભાઈ અધ્વર્યુના અહેવાલ પરથી સંકલિત)

## અનુપમ મિશનનાં કેન્દ્રોમાં શરદપૂર્ણિમા ઉત્સવ

મૂળ અક્ષરબ્રહ્મ શ્રી ગુણાતીતાનંદસ્વામીના પ્રાગટ્યપર્વ-શરદ પૂર્ણિમાનો દિવ્ય મંગલકારી ઉત્સવ ૨૪ ઑક્ટોબરના રોજ બ્રહ્મજ્યોતિ, મોગરી અને માણાવદરમાં એક સાથે ઇન્ટરનેટના માધ્યમથી ઉજવાયો. આ પ્રસંગે સદ્‌ગુરુ સંત પૂ. શાંતિદાદા ખાસ માણાવદર પધાર્યા અને સંતભગવંત સાહેબજીએ બ્રહ્મજ્યોતિ મોગરીમાં ઉપસ્થિત રહી આશીર્વાદ પાઠવ્યા. માણાવદરના યુવકોએ નાટ્યસંવાદ 'ધન્ય થયા... પ્રગટ પ્રભુ ઓળખાયા' ભજવ્યો જેનું લાઇવ વૅબકાસ્ટ કરાયું, જેનો લાભ બ્રહ્મજ્યોતિ-મોગરીમાં ઉપસ્થિત તથા ઇન્ટરનૅટના માધ્યમથી જોડાયેલ દેશ-પરદેશના અનેક અક્ષરમુક્તોએ લીધો. પૂ. શાંતિદાદા અને સાહેબદાદાએ આશીર્વાદ પાઠવ્યા જેનાં શ્રવણ-દર્શન સૌએ કર્યાં. અંતે સમૂહ આરતી અર્પણ કરી. ઉપાસનાધામ-અમદાવાદમાં સદ્‌ગુરુ સંત પૂ. અશ્વિનદાદાની દિવ્ય ઉપસ્થિતિમાં શરદપૂર્ણિમા ઉત્સવ ઉજવાયો. પૂ. સતીશભાઈએ પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યાં. મોટી સંખ્યામાં ઉપસ્થિત સૌ અક્ષરમુક્તોએ પૂ. અશ્વિનદાદાના આશીર્વાદ પ્રાપ્ત કરી ધન્યતા અનુભવી. આ ઉપરાંત અનુપમ મિશનનાં અન્ય કેન્દ્રો વેમાર, મુંબઈ, સુરત, ઇંગ્લૅન્ડ અને અમેરિકામાં પણ શરદપૂર્ણિમા ઉત્સવની ભાવપૂર્ણ ઉજવણી કરી. ◆

## મિત્ર પુનર્વસન કેન્દ્રનાં બાળકોની રાષ્ટ્રીયકક્ષાએ નૃત્યક્ષેત્રે સિદ્ધિ

અનુપમ મિશન સંચાલિત યોગી વિદ્યાપીઠ પ્રેરિત મનોદિવ્યાંગ બાળકો માટેની વિશિષ્ટ શાળા 'મિત્ર પુનર્વસન કેન્દ્ર'ના વિદ્યાર્થીઓએ રાષ્ટ્રીય કક્ષાએ નૃત્યક્ષેત્રે ઉત્કૃષ્ટ સિદ્ધિ હાંસલ કરી છે. ૨૮ ઑક્ટોબરના રોજ વડોદરામાં 'દિનદયાલ ઑડિટોરિયમ' ખાતે ખ્યાતનામ કૉરિઓગ્રાફર પ્રક્ષેપ મિસ્ત્રીના 'શૌર્ય આર્ટ ફાઉન્ડેશન' દ્વારા દિવ્યાંગ બાળકો માટે નૅશનલ લેવલ ડાન્સ ચૅમ્પિયનશિપ ફૉર સ્પૅશિયલ ચિલ્ડ્રન-ઑલ ઇન્ડિયા ઇન્વિટેશનલ ડાન્સ ચૅમ્પિયનશિપ યોજાઈ, જે એક સાથે ખૂબ મોટી સંખ્યામાં ગ્રુપ અને સોલો ડાન્સ પરફૉર્મન્સ રજૂ થનારી આ એક વર્લ્ડ રૅકોર્ડ ઇવેન્ટ હતી.

આ ડાન્સ ચૅમ્પિયનશિપમાં ભારતનાં વિવિધ રાજ્યોનાં અનેક શહેરોનાં દિવ્યાંગ બાળકોએ ઉમદા નૃત્યસંયોજનોની રજૂઆતો કરી, જેમાં 'મિત્ર પુનર્વસન કેન્દ્ર'નાં ૧૧ દિવ્યાંગ બાળકોએ અન્ડર-૧૪ ગ્રુપડાન્સમાં સર્વશ્રેષ્ઠ પ્રદર્શન કરી, પ્રથમ સ્થાન પ્રાપ્ત કરી ઉપસ્થિત સર્વનાં દિલ જીતી લીધાં.

કાર્યક્રમના અંતે બોલિવૂડના ખ્યાતનામ કૉરિયોગ્રાફર શ્રી હેમુ સિંહા તથા ફિલ્મફેર ઍવૉર્ડ વિજેતા કૉરિઓગ્રાફર લોન્ગીનસ ફર્નાન્ડિસ આદિ મહાનુભાવોના વરદ્ હસ્તે વિદ્યાર્થીઓને ટ્રૉફી ઍનાયત થઈ. સંસ્થાને ગૌરવ અપાવવા બદલ સૌ વિજેતા બાળકો તેમજ તેઓને તાલીમ આપનાર શિક્ષક મિત્રોને અભિનંદન! ◆



બ્રહ્મજ્યોતિ-મોગરીમાં શરદપૂર્ણિમા પર્વે સમૂહ આરતી અર્પણ

॥ સ્વામિશ્રીજી ॥ ॥ નિમંત્રણ ॥

### શ્રી વડતાલધામ પદયાત્રા

**સંતભગવંત સાહેબજી અને સદ્‌ગુરુ સંતોના પરમ સાંનિધ્યે આયોજિત 'શ્રી વડતાલધામ પદયાત્રા'માં જોડાઈ ભક્તિરસનો અલભ્ય લહાવો માણીએ.**

| | |
|---|---|
| તારીખ | ૨૩ ડિસેમ્બર ૨૦૧૮, રવિવાર |
| પદયાત્રા શુભારંભ સ્થળ | અનુપમ મિશન, બ્રહ્મજ્યોતિ, મોગરી |
| પદયાત્રા શુભારંભ સમય | પ્રાતઃકાળે ૪:૩૦ વાગ્યે |
| સભાસ્થળ | શ્રી લક્ષ્મીનારાયણ સ્કૂલ, વડતાલધામ |

નોંધ : આપ શનિવાર, ૨૨ ડિસેમ્બર ૨૦૧૮ના દિવસે બ્રહ્મજ્યોતિ પધારશો તે વધુ હિતાવહ રહેશે. આપનાં આગમન તેમજ પ્રસ્થાનની વિગત ઑફિસમાં જણાવશો તેવી નમ્ર વિનંતી!